## નોન-ફોરફીચર બેનિફિટ (પેઇડ અપમાં ઘટાડો) - મૃત્યુ સંબંધી લાભ

**પૉલિસીની મુદત પૂરી થતા પહેલાં મૃત્યુ થાય તો**

1. મૃત્યુની તારીખથી પહેલાં પૉલિસીધારકે ચૂકવેલા બધાં જ પ્રીમિયમ નૉમિનીને તરત જ પૂરેપૂરા ચૂકવવામાં આવે છે.
2. મૃત્યુ થયાની જાણ કરાયાની તારીખથી પૉલિસીની મુદત પૂરી થવા સુધી નૉમિનીને પૉલિસીની વર્ષગાંઠથી દર મહિને ચૂકવણીની તારીખે પ્રમાણસર સુનિશ્ચિત માસિક આવક (GMI) મળશે.
3. નૉમિનીને ચૂકવણીના સમયગાળા દરમિયાન ઉમેરાતા માસિક આવક બૂસ્ટર્સની સાથે પ્રમાણસર GMI, જેવી અને જ્યારે મળવાપાત્ર હશે, મળશે.
4. ચૂકવણીનો સમયગાળો પૂરો થવા પર પ્રમાણસર સુનિશ્ચિત ટર્મિનલ લાભ

**પૉલિસીની મુદત (ચૂકવણીનો સમયગાળો) પછી મૃત્યુ થાય તો**

1. બાકી રહેતા ચૂકવણીના સમયગાળા માટે, જેવી અને જ્યારે મળવાપાત્ર હશે, પ્રમાણસર સુનિશ્ચિત માસિક આવક ઉમેરાયેલા MIBની સાથે પૂરેપૂરી મળશે.
2. ચૂકવણીનો સમયગાળો પૂરો થવા પર પ્રમાણસર સુનિશ્ચિત ટર્મિનલ લાભ

## પૉલિસી બંધ અને પુન:પ્રારંભ

પહેલાં 3 પૉલિસી વર્ષોમાં, છૂટની મુદત પૂરી થતા પહેલાં બાકી રહેતું પ્રીમિયમ જો ભરાશે નહિ તો પૉલિસી બંધ થઇ જશે અને કોઇ લાભની રકમ ચૂકવાશે નહિ. બંધ થઇ ગયેલી પૉલિસીનો વણચૂકવાયેલું પ્રીમિયમ ભરવાની તારીખથી 6 મહિના સુધીના રિવાઇવલ પીરિયડમાં નીચેની શરતોએ પુન:પ્રારંભ કરી શકાય છે:

1. પૉલિસીધારક બાકી રહેતા બધાં જ પ્રીમિયમ વ્યાજ સહિત ભરી દે, જેનો દર કંપની જુદા-જુદા સમયે નક્કી કરતી હોય છે.
2. પૉલિસી ત્યારે જ ફરીથી શરૂ થશે જ્યારે પૉલિસીના રિવાઇવલને મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ મંજૂર રાખશે અને પૉલિસીધારકને આ અંગે લેખિત બાંયધરી મળશે. જો બંધ થઇ ગયેલી પૉલિસી 6 મહિનાની અંદર ફરીથી શરૂ કરાવવામાં નહિ આવે તો તે ખતમ થઇ જશે અને પૉલિસીધારકને કોઇ રકમ ચૂકવવામાં આવશે નહિ. પૉલિસી તેના 3 વર્ષ વીતી ગયા પછી સુપરત મૂલ્ય ધરાવતી થઇ જાય ત્યાર પછી તે બંધ નથી થતી પણ રિડ્યુસ્ડ પેઇડ અપ દરજ્જાવાળી થઇ જાય છે.

**રિડ્યુસ્ડ પેઇડ અપ પૉલિસી ફરીથી શરૂ કરવી**

રિડ્યુસ્ડ પેઇડ અપ પૉલિસી માત્ર કંપનીની મુનસફીના આધારે વણચૂકવાયેલું પ્રીમિયમ ભરવાની તારીખથી 6 મહિનાની અંદર નીચેની શરતોએ ફરીથી શરૂ કરાવી શકાય છે:

1. પૉલિસીધારક બાકી રહેતા બધાં જ પ્રીમિયમ વ્યાજ સહિત ભરી દે, જેનો દર કંપની જુદા-જુદા સમયે નક્કી કરતી હોય છે.
2. પૉલિસી ત્યારે જ ફરીથી શરૂ થશે જ્યારે પૉલિસીના પુન:પ્રારંભને મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ મંજૂર રાખશે અને પૉલિસીધારકને આ અંગે લેખિત બાંયધરી મળશે. જો કોઇ રિડ્યુસ્ડ પેઇડ અપ પૉલિસી તેને રિડ્યુસ્ડ પેઇડ અપનો દરજ્જો મળ્યાના છ મહિનાની અંદર ફરીથી શરૂ કરાવવામાં નહિ આવે તો પછી તે ફરીથી શરૂ થઇ શકશે નહિ અને પૉલિસીની બાકી રહેતી મુદત સુધી તે રિડ્યુસ્ડ પેઇડ અપ જ રહેશે.

## માસિક આવક બૂસ્ટર (MIB)ના દરનું કોષ્ટક FIMMDAના 5 વર્ષના જી સેક બૅન્ચમાર્ક રેટ પ્રમાણે નક્કી થયેલું)

| FIMMDAના 5 વર્ષના જી-સેક આધારભૂત દર | માસિક આવક બૂસ્ટર દર-11 પે |
|---|---|
| < 4.0 % | 0.0% |
| 4.0 % થી < 4.5 % | 5% |
| 4.5 % થી < 5.0 % | 10% |
| 5.0 % થી < 5.5 % | 15% |
| 5.5 % થી < 6.0 % | 21% |
| 6.0 % થી < 6.5 % | 27% |
| 6.5 % થી < 7.0 % | 33% |
| 7.0 % થી < 7.5 % | 39% |
| 7.5 % થી < 8.0 % | 46% |
| 8.0 % થી < 8.5 % | 53% |

| FIMMDAના 5 વર્ષના જી-સેક આધારભૂત દર | માસિક આવક બૂસ્ટર દર-11 પે |
|---|---|
| 8.5 % થી < 9.0 % | 60% |
| 9.0 % થી < 9.5 % | 68% |
| 9.5 % થી < 10.0 % | 76% |
| 10.0 % થી < 10.5 % | 84% |
| 10.5 % થી < 11.0 % | 92% |
| 11.0 % થી < 11.5 % | 101% |
| 11.5 % થી < 12.0 % | 111% |
| 12.0 % થી < 12.5 % | 120% |
| 12.5 % થી < 13.0 % | 130% |
| >= 13.0 % | 141% |

**કૃપા કરી નોંધી લેશો : લાભની તમામ રકમની ચૂકવણી બેન્કથી જ સીધેસીધા ટ્રાન્સફર (NEFT/RTGS) દ્વારા થશે. વ્યવહારની દષ્ટિએ માસિક ચૂકવણીનો વહેવાર ચૂકવણીની ચોક્કસ તારીખો પર થશે, દર અઠવાડિયે એક વાર અથવા મહિનામાં ચાર વાર. ચૂકવણી દર મહિને, માસગાંઠ પછી જે સૌથી પહેલી તારીખ આવશે ત્યારે, થશે.**


એમ્શ્યોર ઇન્શ્યોરન્સ એજન્સી લિ. રજિસ્ટર્ડ ઑફિસ: પહેલો માળ, એલિગન્સ ટાવર, પ્લૉટ નં. 8, નૉન હાઇઆરાર્કિકલ કૉમર્શિયલ સેન્ટર, જસોલા, નવી દિલ્હી-110025. વીમા અંગે તમામ પ્રકારની માહિતી માટે કૃપા કરી 1800 180 1288 પર સંપર્ક કરો. અમારી વેબસાઇટ છે: www.amsure.in

**એમ્શ્યોર ઇન્શ્યોરન્સ એજન્સી લિ. મેક્સ ન્યૂયૉર્ક લાઇફ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડની કૉર્પોરેટ એજન્ટ છે.**

***મેક્સ ન્યૂયૉર્ક લાઇફ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ, એ મેક્સ ઇન્ડિયા લિમિટેડ અને ન્યૂયૉર્ક લાઇફ એન્ટરપ્રાઇઝ LLCનું સંયુક્ત સાહસ છે.***

11માં માળ, ડી.એલ.એફ. સ્કવેર બિલ્ડિંગ, જકરંદા માર્ગ, ડી.એલ.એફ. સિટી ફેઝ-II, ગુડગાંવ (હરિયાણા)-122002


મહેરબાની કરીને તમારી પૉલિસી બરાબર ચકાસો. આ પૉલિસી પ્રાપ્ત થયાનાં પંદર દિવસની અંદર રદ્ કરવાનાં લેખિત આવેદન સાથે અસલ પૉલિસી પછી મોકલાવવાનું તમે પસંદ કરી શકો છો. આ સંજોગોમાં ચૂકવાયેલ પ્રીમિયમમાંથી કવરના સમયનું પ્રમાણસર જોખમ પ્રીમિયમ, કોઈ પણ મેડિકલ ફી, થયેલો ખર્ચો અને કંપની દ્વારા ચુકવાયેલા સ્ટેમ્પ ડ્યુટીનાં નાણાં બાદ કરીને વ્યાજ વગર પાછા આપવામાં આવશે. જોખમી પરિબળો, નિયમો અને શરતોની વિગતો માટે મહેરબાની કરીને વેચાણ કરાર કરતા પહેલા વેચાણ પુસ્તિકા ધ્યાનપૂર્વક વાચો. તમને તમારા પ્રીમીયમ અને લાભો પર અમુક ટેક્સ બાબતે છૂટ લેવાનો અધિકાર હોઈ શકે છે. દર્શિત વેરા લાભો, વેરા કાનૂનોના આધારે બદલાવાને પાત્ર છે. વીમો માંગણી નો વિષય વસ્તુ છે.

મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના UIN: 104N068V01

ARN: MNYL/IDEAS/AMSURE/GMIP/LEAFLET/01/GUJ




આ પ્રોડક્ટ ઉપર જીવન વીમા કવર ઉપલબ્ધ છે

**પ્રસ્તુત છે મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના જે તમારી નિયમિત આવક વધારશે.**

MAX NEW YORK LIFE
Guaranteed Monthly Income plan

એક નોન-લિંક્ડ, બિન-સહભાગિતા વીમા યોજના

UIN: 104N068V01

આ વીમા ઉત્પાદનો પ્રસ્તાવ મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ ઇન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરફ થી છે.

મેક્સ ન્યૂયૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના (મેક્સ ન્યૂયૉર્ક લાઇફ ગૅરન્ટિડ મન્થલી ઇન્કમ પ્લાન) એક પરંપરાગત, બિન-ભાગીદારીવાળી મની બૅક વીમા યોજના છે, જેમાં જીવનના જુદા-જુદા તબક્કાઓમાં માસિક આવક થવાની ગૅરન્ટી છે. એટલે તમે પોતાના સંતાનના શિક્ષણ માટે, તમારા માતા-પિતાની સુખાકારી માટે કે પોતાની નિવૃત્તિ માટે બચતનું આયોજન કરતા હો તો મેક્સ ન્યૂયૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજનાની મદદથી તમે નિશ્ચિત વળતર મેળવીને નાણાંકીય સ્વતંત્રતા અનુભવી શકશો.

## મહત્વના લાભ - 11 વર્ષની મુદતવાળી યોજના

**સુનિશ્ચિત માસિક આવક (GMI):** ઓછામાં ઓછા ₹2000ની માસિક આવક સાથે, પૉલિસીધારક ₹500ના મલ્ટિપલમાં GMI પસંદ કરી શકે છે. GMI 10 વર્ષ સુધી ચૂકવાશે (વર્ષ 12 થી વર્ષ 21 સુધી)

**માસિક આવક બૂસ્ટર્સ (MIB):** GMI ઉપરાંત, આ યોજના હેઠળ MIB પણ મળે છે જેથી મોંઘવારીને પહોંચી વળી શકાય.

**સુનિશ્ચિત ટર્મિનલ લાભ (GTB):** આ યોજનામાં GMIની છેલ્લી ચૂકવણી સાથે વાર્ષિક પ્રીમિયમના 200% પણ ચૂકવાય છે જેનાથી આવક વધે છે

**સુનિશ્ચિત પૉલિસી કન્ટિન્યુઅન્સ બેનિફિટ:** વીમાધારકનું મૃત્યુ થાય ત્યારે તે સમય સુધીમાં ચૂકવાયેલા બધાં જ પ્રીમિયમની રકમ નૉમિનીને પાછી આપવામાં આવશે અને ભવિષ્યના બધાં જ પ્રીમિયમની રકમ કંપની ચૂકવશે; મૃત્યુની જાણ કરવામાં આવે તે પછી પૉલિસીની જે વર્ષગાંઠ આવશે ત્યારથી GMI શરૂ થશે.

## મેક્સ ન્યૂ યૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના પર એક નજર 11 વર્ષની મુદતવાળી યોજના માટે

<table>
<tr><td>યોજનાનો પ્રકાર</td><td>પરંપરાગત, બિન-ભાગીદારીવાળી મની બૅક ઇન્શ્યોરન્સ પ્લાન</td></tr>
<tr><td>પૉલિસીની મુદત/પ્રીમિયમ ચૂકવણીની મુદત (PPT)</td><td>પ્રીમિયમની ચૂકવણીની મુદત પૉલિસીની મુદત જેટલી જ, એટલે કે, 11 વર્ષની મુદત હશે</td></tr>
<tr><td>પ્રવેશ સમયે ઓછામાં ઓછી/વધુમાં વધુ વય (પાછલા જન્મદિવસ પ્રમાણે)</td><td>25 વર્ષથી 60 વર્ષ</td></tr>
<tr><td>વધુમાં વધુ પરિપક્વતા વય (પાછલા જન્મદિવસ પ્રમાણે)</td><td>71 વર્ષ</td></tr>
<tr><td>પ્રીમિયમ ભરવાની પદ્ધતિ</td><td>માત્ર વાર્ષિક પદ્ધતિ</td></tr>
<tr><td>ઓછામાં ઓછી વાર્ષિક આવક</td><td>₹2,000 દર મહિને અને ત્યાર બાદ ₹500ના ગુણાંકમાં</td></tr>
<tr><td>વધુમાં વધુ વાર્ષિક આવક</td><td>કોઇ મર્યાદા નથી - દરેક કેસમાં પ્રીમિયમ ભરવાના લેખિત આશ્વાસન (અંડરરાઇટિંગ) પર આધાર રાખે છે</td></tr>
<tr><td>વીમાની રકમ</td><td>પસંદ કરેલી માસિક આવકની 240 ગણી</td></tr>
<tr><td>સુનિશ્ચિત માસિક આવક (GMI)</td><td>સુનિશ્ચિત માસિક આવક 10 વર્ષ સુધી ચૂકવાશે - વર્ષ 12 થી વર્ષ 21 સુધી</td></tr>
<tr><td>માસિક આવક બૂસ્ટર્સ (MIB)</td><td>પૉલિસીનું બીજું વર્ષ શરૂ થઇ ગયા બાદ, બાકી રહેતું દરેક પ્રીમિયમ ભરાઇ જાય તે પછી, પૉલિસીની મુદત પૂરી થાય ત્યાં સુધી તેમાં માસિક આવક બૂસ્ટર્સ ઉમેરાતા રહેશે. પૉલિસીઓ પર મળતા રિન્યુઅલ પ્રીમિયમ પર માસિક આવક બૂસ્ટર્સના દર લાગૂ કરી શકાય તે માટે, એક ચોક્કસ મહિનામાં ભરાયેલા તમામ પ્રીમિયમ પર એક માસિક આવક બૂસ્ટર્સ દર લાગૂ પાડવામાં આવશે જે FIMMDAના 5 વર્ષના સરકારી જામીનગીરી આધારભૂત દરને અનુરૂપ હશે. આ દર એ ગણાશે જે પાછલા મહિનાના છેલ્લા કામકાજના દિવસે (દિવસના અંતે) પ્રવર્તતો હશે.<br>માસિક આવક બૂસ્ટર્સનો દર સુનિશ્ચિત માસિક આવકની એક ચોક્કસ ટકાવારી રૂપે નક્કી થશે જે પૉલિસીધારકે શરૂઆતના તબક્કે પસંદ કરી હશે અને FIMMDAના 5 વર્ષના સરકારી જામીનગીરી આધારભૂત દર પ્રમાણે તેનું નિર્ધારણ થશે (કંપનીની વૅબસાઇટ પર પણ તેની માહિતી મળી રહેશે).<br>માસિક આવક બૂસ્ટર (MIB)ના દરનું કોષ્ટક માટે કૃપયા પૃષ્ઠ 4 ની સંદર્ભ આપવો.</td></tr>
<tr><td>સુનિશ્ચિત ટર્મિનલ લાભ (GTB)</td><td>સુનિશ્ચિત માસિક આવક (GMI)ની છેલ્લી ચૂકવણી સાથે વાર્ષિક પ્રીમિયમના 200% પણ ચૂકવાશે</td></tr>
<tr><td>જીવતા રહેવા પર મળનારા લાભ (પૉલિસીની મુદત પૂરી થયા પછીના 10 વર્ષના ચૂકવણીના સમયગાળા દરમિયાન મળવાપાત્ર રકમ)</td><td>વર્ષ 2 દરમિયાન ઉમેરાતા માસિક આવક બૂસ્ટર્સની રકમ વર્ષ 12 ની સુનિશ્ચિત માસિક આવકની સાથે જ મળશે (133મા મહિનામાં શરૂ થતી ચૂકવણીની તારીખથી લઇને 144મા મહિનાની ચૂકવણીની તારીખ સુધી) અને વર્ષ 3 દરમિયાન ઉમેરાતા માસિક આવક બૂસ્ટર્સની રકમ વર્ષ 13 માં સુનિશ્ચિત માસિક આવકની સાથે ચૂકવાશે (145મા મહિનામાં શરૂ થતી ચૂકવણીની તારીખથી લઇને 156મા મહિનાની ચૂકવણીની તારીખ સુધી) અને આ જ રીતે આગળ પણ ચાલશે.
<table>
<tr><th>ચૂકવણીનું વર્ષ</th><th>મૂલ્ય</th></tr>
<tr><td>વર્ષ 12 થી વર્ષ 21</td><td>સુનિશ્ચિત માસિક આવક સાથે માસિક આવક બૂસ્ટર્સની ચૂકવણી - 133મા મહિનાની ચૂકવણીની તારીખથી</td></tr>
</table></td></tr>
<tr><td>મૃત્યુ લાભ</td><td>પૉલિસીની મુદત પૂરી થતા પહેલાં મૃત્યુ થાય તો<br>1. મૃત્યુની તારીખથી પહેલાં પૉલિસીધારકે ચૂકવેલા બધાં જ પ્રીમિયમ નૉમિનીને તરત જ ચૂકવવામાં આવે છે.<br>2. મૃત્યુ થયાની જાણ કરાયાની તારીખથી પૉલિસીની મુદત પૂરી થવા સુધી નૉમિનીને પૉલિસીની વર્ષગાંઠથી દર મહિને ચૂકવણીની તારીખે સુનિશ્ચિત માસિક આવક (GMI) મળશે.<br>3. ભવિષ્યના તમામ પ્રીમિયમ પૉલિસીધારક વતી કંપની ભરશે.<br>4. નૉમિનીને કંપની તરફથી પ્રીમિયમ ભરાતું હોવાના કારણે ચૂકવણીના સમયગાળા દરમિયાન માસિક આવક બૂસ્ટર્સની સાથે GMI, જેવી અને જ્યારે મળવાપાત્ર હશે, મળશે.<br>5. ચૂકવણીનો સમયગાળો પૂરો થવા પર સુનિશ્ચિત ટર્મિનલ લાભ<br>પૉલિસીની મુદત પૂરી થઇ ગયા પછી મૃત્યુ થાય તો<br>1. બાકી રહેતા ચૂકવણીના સમયગાળા માટે, જેવી અને જ્યારે મળવાપાત્ર હશે, સુનિશ્ચિત માસિક આવક, માસિક આવક બૂસ્ટર્સની સાથે મળશે.<br>2. ચૂકવણીનો સમયગાળો પૂરો થવા પર સુનિશ્ચિત ટર્મિનલ લાભ</td></tr>
</table>

## મેક્સ ન્યૂયૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના - 11 વર્ષની મુદતવાળી યોજનામાં જીવતા રહેવા સંબંધી લાભ

મિ. કુમાર 35 વર્ષના છે અને તેમણે સુનિશ્ચિત માસિક આવક યોજનાવાળી પૉલિસી લીધી છે જેમાં પ્રીમિયમ ચૂકવવાની મુદત 11 વર્ષ છે અને સુનિશ્ચિત માસિક આવક ₹5,000 હશે. જો તેઓ ₹52,560નું વાર્ષિક પ્રીમિયમ ચૂકવે અને પૉલિસીની મુદત પૂરી થવા સુધી જીવતા રહે તો તેમને સુનિશ્ચિત માસિક આવક (GMI)ની સાથે માસિક આવક બૂસ્ટર્સ (MIB) અને સુનિશ્ચિત ટર્મિનલ લાભ (GTB) મળશે, જેની વિગતો નીચે આપી છે:

ક) ₹5,000ની સુનિશ્ચિત માસિક આવક વર્ષ 12 થી શરૂ થઇને વર્ષ 21 સુધી મળશે.

ખ) જમા થયેલા માસિક આવક બૂસ્ટર્સ (MIB) વર્ષ 12 થી વર્ષ 21 સુધી મળશે.

ગ) સુનિશ્ચિત ટર્મિનલ લાભ જે વાર્ષિક પ્રીમિયમના 200% હશે, એટલે કે ₹105,120ની રકમ જે 10 વર્ષના ચૂકવણીના ગાળાના અંતે સુનિશ્ચિત માસિક આવક અને માસિક આવક બૂસ્ટર્સની છેલ્લી ચૂકવણી સાથે આપવામાં આવશે.

**માસિક આવક બૂસ્ટર્સ (MIB)ની ચૂકવણીથી સંબંધિત ગણતરીનું વર્ણન નીચે આપવામાં આવ્યું છે:**

| વર્ષ | વાર્ષિક પ્રીમિયમની ચૂકવણી ₹માં | આધારભૂત દર | આધારભૂત સ્તરની રેન્જ | MIBનો જાહેર થયેલો દર (માસિક આવકના % તરીકે) | જે વર્ષમાં MIB ચૂકવવામાં આવશે | ઉમેરાયેલું MIB (₹માં) | સુનિશ્ચિત માસિક આવક (₹માં) | સુનિશ્ચિત માસિક આવક + MIB (₹માં) |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 52,560 | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી | લાગૂ પડતો નથી |
| 2 | 52,560 | 8.0% | 8.0 % થી < 8.5 % | 53% | 12 | 2,650 | 5,000 | 7,650 |
| 3 | 52,560 | 8.6% | 8.5 % થી < 9.0 % | 60% | 13 | 3,000 | 5,000 | 8,000 |
| 4 | 52,560 | 9.6% | 9.5 % થી < 10.0 % | 76% | 14 | 3,800 | 5,000 | 8,800 |
| 5 | 52,560 | 10.0% | 10.0 % થી < 10.5 % | 84% | 15 | 4,200 | 5,000 | 9,200 |
| 6 | 52,560 | 8.3% | 8.0 % થી < 8.5 % | 53% | 16 | 2,650 | 5,000 | 7,650 |
| 7 | 52,560 | 7.7% | 7.5 % થી < 8.0 % | 46% | 17 | 2,300 | 5,000 | 7,300 |
| 8 | 52,560 | 7.2% | 7.0 % થી < 7.5 % | 39% | 18 | 1,950 | 5,000 | 6,950 |
| 9 | 52,560 | 6.0% | 6.0 % થી < 6.5 % | 27% | 19 | 1,350 | 5,000 | 6,350 |
| 10 | 52,560 | 8.0% | 8.0 % થી < 8.5 % | 53% | 20 | 2,650 | 5,000 | 7,650 |
| 11 | 52,560 | 8.0% | 8.0 % થી < 8.5 % | 53% | 21 | 2,650 | 5,000 | 7,650 |

*MIB: માસિક આવક બૂસ્ટર્સ; GMI: સુનિશ્ચિત માસિક આવક.

*માસિક આવક બૂસ્ટર્સ (MIB) ફેરફારને પાત્ર ચૂકવણી છે જેનો લાભ તમારી પૉલિસીમાં વર્ષ 2 પછી તમે રિન્યુઅલ પ્રીમિયમ ભરતા રહેશો ત્યારબાદ ઉમેરાશે.

MIB સુનિશ્ચિત માસિક આવકની અમુક ટકાવારી રૂપે જાહેર કરવામાં આવે છે અને MIBના લાગૂ પડનારા દર FIMMDA તરફથી જાહેર કરાયેલા 5 વર્ષના જી સેક બેન્ચમાર્ક રેટ પર આધાર રાખતા હોય છે જે થોડા-થોડા સમયના અંતરે બદલાઇ પણ શકે છે. એક વાર ઉમેરો થયા બાદ, એમઆઇબી 10 વર્ષ પછી નિશ્ચિતપણે ચૂકવાશે.

માસિક આવક બૂસ્ટર્સનું વાસ્તવિક મૂલ્ય ઉમેરાયેલા દરો પ્રમાણે હશે.

## મેક્સ ન્યૂયૉર્ક લાઇફ સુનિશ્ચિત માસિક આવક યોજના - 11 વર્ષની મુદતવાળી યોજનાના મૃત્યુ સંબંધી લાભ

મિ. કુમાર ₹52,560નું વાર્ષિક પ્રીમિયમ 5 વર્ષ સુધી ચૂકવે છે પણ પમા વર્ષમાં તેમનું અવસાન થાય છે. આ સંજોગોમાં મિ. કુમારના નૉમિનીને મળશે:

ક) તમામ પ્રીમિયમો ઉચ્ચક રકમ તરીકે પાછા મળશે.

ખ) મૃત્યુની જાણ કરાયા પછી આવતી પૉલિસીની વર્ષગાંઠથી ₹5,000ની પસંદ કરેલી સુનિશ્ચિત માસિક આવક.

ગ) વર્ષ 6 થી શરૂ થઇને વર્ષ 11 સુધીના ભવિષ્યના તમામ પ્રીમિયમ પૉલિસીધારક વતી કંપની ભરશે.

ઘ) મિ. કુમાર જો જીવતા રહ્યા હોત અને પોતાના પ્રીમિયમ ચૂકવતા રહ્યા હોત તો જે રકમ જમા થઇ હોત એ પણ નૉમિનીને ચૂકવવામાં આવશે. આ રકમમાં સુનિશ્ચિત માસિક આવક, માસિક આવક બૂસ્ટર્સ અને સુનિશ્ચિત ટર્મિનલ લાભનો સમાવેશ થાય છે.

કૃપા કરી એટલું ધ્યાનમાં રાખશો કે ઉપર દર્શાવાયેલી બે પરિસ્થિતિઓ માત્ર ઉદાહરણરૂપ છે અને તેમનાથી કોઇ પ્રકારના હક અને/અથવા ફરજ ઊભા થતા નથી. ઉપર દર્શાવાયેલા અનિશ્ચિત નીચા અને ઊંચા દરો જુદા-જુદા દરો પર મૂડીરોકાણના કલ્પિત વળતરથી સંબંધિત છે અને બજારની પરિસ્થિતિઓ પ્રમાણે બદલાઇ શકે છે. ઉપર જણાવેલા પ્રીમિયમોમાં સર્વિસ ટૅક્સના શુલ્કનો સમાવેશ થતો નથી.

## સુપરત લાભ

ત્રણ વાર્ષિક પ્રીમિયમ ભરાઇ જાય ત્યારબાદ ત્રીજા પૉલિસી વર્ષના અંત પછીથી પૉલિસી સુનિશ્ચિત સુપરત મૂલ્ય (ગૅરન્ટિડ સરન્ડર વેલ્યુ-GSV) ધરાવતી થઇ જાય છે. GSV પહેલાં વર્ષના પ્રીમિયમ સિવાયના બાકીના બધાં ચૂકવેલા પ્રીમિયમના 30% હોય છે. વ્યવહારૂ રીતે જોઇએ તો પૉલિસીધારકને એક ખાસ સુપરત મૂલ્ય (સ્પેશ્યલ સરન્ડર વેલ્યુ - SSV) ચૂકવવામાં આવશે જે GSVથી કાયમ વધુ હશે. કંપની મૂડીરોકાણ પરના વળતર અને/અથવા મૂળભૂત મિલકતોના બજારભાવના આધારે SSV બદલી શકે છે (પણ તે ક્યારેય GSVથી ઓછી નહિ હોય).

## નોન-ફોરફીચર બેનિફિટ (પેઇડ અપમાં ઘટાડો) - જીવતા રહેવા સંબંધી લાભ

એક વાર પૉલિસી સુપરત મૂલ્ય ધરાવતી થઇ જાય ત્યારબાદ જો કોઇ પ્રીમિયમ ચૂકવવામાં ન આવે તો પૉલિસી આપોઆપ રિડ્યુસ્ડ પેઇડ અપ (RPU) થઇ જશે. પ્લાન ઘટી ગયેલા લાભ સાથે ચાલુ રહેશે જે આ પ્રમાણે હશે:

1. ચૂકવાયેલા પ્રીમિયમ સિવાયના, ચૂકવવાના બાકી રહેતા પ્રીમિયમના પ્રમાણસર સુનિશ્ચિત માસિક આવક ઘટી જશે.
2. ચૂકવાયેલા પ્રીમિયમ સિવાયના, ચૂકવવાના બાકી રહેતા પ્રીમિયમના પ્રમાણસર સુનિશ્ચિત ટર્મિનલ લાભ ઘટી જશે.
3. તમામ ઉમેરાયેલા માસિક આવક બૂસ્ટર્સ પૂરેપૂરા અને સમયસર ચૂકવવામાં આવશે. જોકે એક વાર પૉલિસી RPU દરજ્જો ધરાવતી થઇ જાય તે પછી માસિક આવક બૂસ્ટર્સ ઉમેરાતા બંધ થઇ જશે.